STEM અને બીઝનેસ એજ્યુકેશનના પ્રોત્સાહન માટે SWAYAM Certificate શિષ્યવૃતિ યોજના અન્વયે રૂ.૫૦૦.૦૦ લાખ આવર્તક રકમની સને ૨૦૨૩-૨૪નાં વર્ષ માટેની નવી બાબતની વહિવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : ED/SRT/e-file/3/2023/0221/S
તા.૨૨/૦૫/૨૦૨૩

**વંચાણમાં લીધા :-**

૧. નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણની કચેરીનો તા.૧૨/૦૧/૨૦૨૩ નો પત્ર ક્રમાંક:-ડીટીઈ/નબા ૨૩-૨૪/ટીઈડી-૧/SWAYAM/એફ-૨/છ(આ)/૨૮૯

૨. નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણની કચેરીનો તા.૧૩/૦૪/૨૦૨૩ નો પત્ર ક્રમાંક:-ડીટીઈ/નબા ૨૩-૨૪/ટીઈડી-૧/SWAYAM/એફ-૨/છ(આ)/૨૪૮૩

**ઠરાવ :-**

ઉક્ત વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) મુજબ રાજ્યની ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણ હેઠળની સંસ્થાઓ ખાતે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ભારત સરકારના SWAYAM-NPTEL કાર્યક્રમ હેઠળ ચાલતા પ્રોગ્રામો કરવા માટે પ્રેરાય અને વિદ્યાર્થીઓ SWAYAM-NPTELના માધ્યમ થકી વિવિધ સર્ટીફીકિટ પ્રોગ્રામ પાસ કરે તે માટે પોર્ટલ પરથી ફ્રી લર્નિંગ કોર્સ કર્યા બાદ કોર્સ સર્ટિફિકેટ મેળવવા પરિક્ષા ફી અન્વયે ૧૦૦% સહાય આપવા STEM અને બીઝનેસ એજ્યુકેશનના પ્રોત્સાહન માટે SWAYAM Certificate શિષ્યવૃતિ યોજના હેઠળ રૂ.૫૦૦.૦૦ લાખ આવર્તક રકમ સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં નવી બાબત તરીકે મંજુર કરવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણ હેઠળની સંસ્થાઓ ખાતે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે STEM અને બીઝનેસ એજ્યુકેશનના પ્રોત્સાહન માટે SWAYAM Certificate શિષ્યવૃતિ યોજના હેઠળ  માટે રૂ.૫૦૦.૦૦ લાખ આવર્તક રકમની સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં નવી બાબત તરીકે નીચે મુજબની શરતોને આધિન વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | માંગણી નંબર | વિષય | આવર્તક રકમ ઓબ્જેક્ટ હેડ ૩૧૩૫– અન્યને સહાયક અનુદાન | કુલ મંજૂરી મળેલ રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ૦૯ | STEM અને બીઝનેસ એજ્યુકેશનના પ્રોત્સાહન માટે SWAYAM Certificate શિષ્યવૃતિ યોજના | ૫૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| **કુલ રકમ રૂ.** | | | **૫૦૦.૦૦** | **૫૦૦.૦૦** |

- **SWAYAM Certificate શિષ્યવૃતિ આપવા માટે વિદ્યાર્થીઓની પસંદગી અંગેના ધારા ધોરણો**

૧. રાજ્યમાં ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ હેઠળની સરકારી સંસ્થાઓ ખાતે અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લઈ શકશે.
૨. રાજ્યમાં ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ હેઠળની સરકારી સંસ્થાઓના મહત્તમ વિદ્યાર્થીઓને આવરી શકાય તે હેતુસર Certificate course માટે પ્રતિ વર્ષ પ્રતિ વિદ્યાર્થી મહત્તમ ૪ કોર્ષની મંજૂરી આપી શકાશે.
૩. SWAYAM Certificate કોર્ષની મંજૂરી આપતી વખતે વર્તમાન સંજોગો, ભવિષ્યમાં આવનાર અત્યાધુનિક તકનીકને અનુલક્ષીને તથા વિદ્યાર્થીને રોજગારમાં મદદરૂપ નીવડે તેવા કોર્ષ માટે મંજૂરી આપવાની રહેશે.

- **અમલીકરણ પદ્ધતિ:**

૧. આ નવીત્તમ SWAYAM Certificate શિષ્યવૃતિ યોજના અમલીકરણ Knowledge Consortium of Gujarat (KCG) – અમદાવાદ દ્વારા કરવામાં આવશે.
૨. આ યોજના સુચારુરૂપે અમલીકરણ હેતુસર વિદ્યાર્થીઓની માહિતી તેમજ તેના સંચાલન માટે Knowledge Consortium of Gujarat (KCG) દ્વારા Digital પોર્ટલ વિકસાવવામાં આવશે.
૩. ઈચ્છુક વિદ્યાર્થીએ પોતાનું રજીસ્ટ્રેશન Digital પોર્ટલ પર કરાવવાનું જરૂરી બનશે.
૪. SWAYAM Course શરુ કરતા પૂર્વે ઈચ્છુક વિદ્યાર્થીએ સંસ્થાના વડાશ્રી મારફતે KCG સ્તરેથી મંજૂરી મેળવવાની રહેશે.(Digital પોર્ટલ દ્વારા).
૫. SWAYAM Certificate યોજના હેઠળ લાભાર્થીને કોર્ષ મુજબની મળવા પાત્ર શિષ્યવૃતિ માટે વિદ્યાર્થીએ SWAYAM Course પૂર્ણ કર્યા બાદ SWAYAM Course Certificate તેમજ કોર્ષની રીસીપ્ટ રજુ કર્યેથી સદર કોર્ષ ફીનું વળતર(reimbursement) DBT સ્વરૂપે KCG મારફતે કરવાનું રહેશે.

**શરતો :**

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી સંબંધિત સંસ્થા/કચેરીએ રાખવાની રહેશે. .
2. પ્રોજેક્ટની અમલવારી Knowledge Consortium of Gujarat (KCG) અમદાવાદ મારફતે જ કરાવવાની રહેશે.
3. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
4. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
5. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી

વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

6. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
7. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
8. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
9. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
10. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
11. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
12. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
13. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
14. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
15. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
16. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
17. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
18. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
19. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ,

૧) જનરલ સદરે થયેલ જોગવાઈ માટે અંદાજપત્ર સદર,

માંગણી ક્રમાંક:- ૦૯

મુખ્ય સદર ;- ૨૨૦૩- તકનીકી શિક્ષણ

ગૌણ સદર :- ૦૦૧- નિર્દેશ અને વહીવટ

પેટા સદર :- (૦૧)-ટીઈડી-૦૧-તકનિકી શિક્ષણ ખાતાનુ વહિવટી તંત્ર સંગીન બનાવવું

હેઠળ ઉધારવાનો અને ચાલુ વર્ષે મંજુર કરેલ ગ્રાન્ટમાંથી મેળવવનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાંણા વિભાગની તા.૧૩/૦૫/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: DAKSHABEN K GOHIL
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 31-May-2023 (01:39 PM)

(ડી.કે.ગોહિલ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ

૧. અગ્રસચિવશ્રી, (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. નિયામકશ્રી,ટેકનિકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
૫. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. નાણાં સલાહકારશ્રી(શિક્ષણ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. સંબંધિત યોજનાની ફાઈલ માટે
૯. સીલેકટ ફાઈલ, સ-શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સીલેકટ ફાઈલ, નાયબ સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.